જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૦/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૦૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૯ | ૩,૫૦,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૮૩ લીટર દેશી દારૂ, ૨૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૧૬ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૬૭૩ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૬/૨૦૨૨**

**સેટેલાઇટઃ** વિરેનભાઇ ભાનુભાઈ કડીયા (ઉ.વ.૪૦)(રહે.બંસીધર સોસાયટી, નારાયણનગર પાલડી) એ તા.૦૭/૧૦/૨૦૨૨ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ઓગસ્ટ/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ શિવરંજની ઇસ્કોન સેન્ટર કોમ્પલેક્ષ ખાતે આરોપી કે.સી.હોલીડેઝ "અ ગ્રુપ ઓફ કે.સી.મેનેજમેન્ટ" નામની કંપનીના માલીક (૧) કિરણ ચન્દ્રકાંત ચૌહાણ તથા મેનેજર (૨) મીહીર શાહ એ ભેગામળી વિઝા-ટીકીટ અને જમવા-રહેવાની સ્કીમના નામે વિરેન ભાઇ પાસેથી કુલ રૂપિયા ૮,૮૨,૦૦૦/- મેળવી લઇ તેમજ અન્ય ભોગબનનાર પાસેથી પણ રૂપિયા મેળવી લઇ વિઝા-ટીકીટ અને શરતો મુજબની સુવિધા નહી આપી તેમજ વિઝા-ટીકીટ પેટે લીધેલ રૂપિયા પરત નહી આપી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

**મણીનગરઃ** અંકીતભાઇ પ્રહલાદભાઇ ઠાકોર (ઉ.વ.૪૦)(રહે.ઠાકોરવાસ, કલ્યાણ સ્કુલની બાજુમાં, ખોખરા ગામ) એ તા.૦૭/૧૦/૨૦૨૨ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૨/૨૦૧૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર કાંકરીયા બળીયાકાકા રોડ મીરા સિનેમા પાસે વિશ્વકુંજ કોલોની સરોવર એપાર્ટમેન્ટ દુકાન નંબર-૨ ખાતે આરોપી દિપક બાબુલાલ પારેખ (ઉ.વ.૬૦)(રહે.વૈભવ-૦૨, શ્રેયસ ટેકરા, આંબાવાડી, સેટેલાઈટ) એ અંકીતભાઇને વિશ્વાસમા લઇ તેમના નામે "સુપ્રીમો કોર્પોરેશન કંપની" ઉભી કરી કંપનીના નામે આવતો ટેક્ષ રૂપિયા ૨૯,૮૮,૧૦૯/- વ્યાજ સહીતનો ભરવાનો હોવા છતા આજદિન સુધી નહી ભરી અંકીતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૭/૨૦૨૨**

**નરોડાઃ** ડોલી ડો/ઓ સુશીલકુમાર સોમાણી (ઉ.વ.૩૦)(રહે. પ્રથમેશ એપાર્ટમેન્ટ ધનંજય ટાવર પાસે સેટેલાઇટ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૨ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે નરોડા કઠવાડા રોડ માછલી સર્કલ નજીક "વિનસ લાઈટ હબ" શો-રૂમ આગળ પાર્ક કરેલ પોતાના મિત્રની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી લેડીઝ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં એપલ કંપનીનુ મેકબુક લેપટોપ, માઉસ, ચાર્જર કિમત રૂપિયા ૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૫૦૦/- તથા અગત્યના દસ્તાવેજો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૮/૨૦૨૨**

**કાલુપુરઃ** નારોલ શાહવાડી કોજી હોટલ સામે ઝુપડાંમાં રહેતા દિનુભાઇ બદરૂભાઇ ગરાસીયા (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ-રીંગણીયા તા.સજનગઢ જી.બાસવાડા રાજસ્થાન) તા.૦૬/૧૦/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર પંચભાઇની પોળ ખાતે લીપની મોટર નજીક ધાબા ભરવાનુ કામકાજ કરતા હતા દરમ્યાન વીજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૯/૨૦૨૨**

**સરખેજઃ** દિનેશભાઈ માનસિંગ હાડા (ઉ.વ.૩૫)(રહે.ગામ-રાઠધનરાજ તા-સજ્જનગઢ જી-બાંસવાડા રાજસ્થાન) તા.૨૫/૦૯/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે સરખેજ મકરબા ગામ રેલવે ક્રોસિંગ ફાટકના ટ્રેક ઉપરથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેઇનની અડફેટે આવી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૧૦/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૦/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટઃ** પીયુષભાઇ સુરેશભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૯)(રહે.પરીવાર હોમ્સ, ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કીરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

**શહેરકોટડાઃ** મહેન્દ્રભાઇ વિરજીભાઇ મોરડીયા (ઉ.વ.૩૨)(રહે.અનિલ વકીલની ચાલી નંબર-૬ રચના સ્કુલની પાસે પ્રેમનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હઠિસિંહ કેસરીસિંહ ચલાવે છે.

અમરાઇવાડીઃ સંગીતાબહેન પંકજકુમાર કર (ઉ.વ.૨૧)(રહે.સૌજન્ય સોસાયટી, ન્યુ કોટન ચાર રસ્તા પાસે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ફ્લેટના સાતમાં માળથી પડતું મુકતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "આઇ" ડીવીજન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી